નં.જીઆઈડીસી/એએન્ડએમ/સીઆઈઆર/કોસ્ટ/૯૯
જીઆઈડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા:૨૦-૦૨-૨૦૧૯

# // પરિપત્ર //

ગુજરાત સરકારશ્રી ધ્વારા ઉદ્યોગોના વિકાસ માટે, ગુજરાત રાજયમાં જુદી જુદી જગ્યાએ જી.આઈ.ડી.સી. સ્થાપવાનું નકકી કરેલ છે. જેમાં નાના ઉદ્યોગોને ઉત્તેજન મળી રહે તે હેતુથી એમ.એસ.એમ.ઈ.પ્રકારના ઉદ્યોગો સ્થાપવાનું પણ નકકી કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે નિગમ ધ્વારા મહેસાણા જિલ્લામાં આવેલ ઉંઝા તાલુકામાં **ઐઠોર** વસાહત સ્થાપવાનું નકકી કરાયેલ છે. જે મુજબ સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : જમન/૧૦૨૦૧૮/૧૬૦૦/અ.૧ તા.૨૨-૫-૨૦૧૮ મુજબ એમ.એસ.એમ.ઈ. વસાહત અને સામાન્ય વસાહત બંને માટે અલગ અલગ ફાળવણી દર નકકી કરવા જરૂરી છે. જે મુજબ **એમ.એસ.એમ.ઈ.ઝોન** હેઠળ ફાળવવામાં આવનાર જમીનનો ફાળવણી દર **રૂા.૨૩૨૦/- પ્રતિ ચો.મી.દીઠ (અંદાજિત)** નકકી કરવામાં આવેલ છે.

મહેસાણા જિલ્લામાં આવેલ ઉંઝા તાલુકામાં **ઐઠોર** વસાહતના **નોન એમ.એસ.એમ.ઈ.-સામાન્ય ઝોન**માં ફાળવવામાં આવનાર જમીનનો ફાળવણી દર **રૂા.૩૩૬૦/- પ્રતિ ચો.મી.દીઠ (અંદાજિત)** નકકી કરવામાં આવે છે.

સદર વસાહતમાં થનાર જમીન ખર્ચ તથા વિકાસ ખર્ચની વિગતો અંદાજિત હોઈ, આખરી થયે, તફાવતની રકમ, વસાહતના તમામ ફાળવણીદારો પાસેથી નિગમના નીતિ નિયમ મુજબ અલગથી વસૂલ કરવાની રહેશે. જે અંગે સ્પષ્ટ ઉલ્લેખ ફાળવણીદારોના ફાળવણી પત્ર અને કરારખત / લીઝડીડ વિગેરેમાં અચૂક ઉલ્લેખ કરવાનો રહેશે.

ઉપરોકત વસાહતના કિસ્સામાં એમ.એસ.એમ.ઈ. અંગેની અન્ય કોઈ સબસીડીનો લાભ, તે અંગેના સ્પષ્ટ હુકમો સિવાય આપવાનો રહેશે નહીં.

ઉપરોકત વસાહતની ફાળવણી બાબતે ફાળવણી દર સિવાયની અન્ય બાબતો યથાવત રહેશે.

**સહી/-**
**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,**
**જીઆઈડીસી,ગાંધીનગર.**

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ........

રવાના કર્યું.

**મેનેજર(મહેકમ)**
**જીઆઈડીસી,ગાંધીનગર.**